No. of Printed Pages : 5 **FGT-01**

# Bachelor's Degree Programms (BDP)

## Term-End Examination

## ડિસેમ્બર, 2023

## FGT-01 : FOUNDATION COURSE IN GUJARATI

*Duration : 2 Hours* *Maximum Marks: 50*

છાપવામાં આવેલ પૃષ્ઠોની સંખ્યા : 5 **એફજીટી – 01**

## બીડીપી – બેચલર્સ ડિગ્રી પ્રોગ્રામ્સ (સ્નાતક પદવી કાર્યક્રમો)

## ટર્મ–એન્ડ એક્ઝામિનેશન (સત્રાંત પરીક્ષા)

## ડિસેમ્બર – 2023

## FGT-01 : ગુજરાતીમાં ફાઉન્ડેશન કોર્સ (આધારભૂત અભ્યાસક્રમ)

સમય : *2 કલાક* મહત્તમ અંક : 50

---

**નોંધ :** 1. આ પ્રશ્નપત્રમાં કુલ આઠ (8) પ્રશ્નો આપવામાં આવ્યા છે.

2. બધા પ્રશ્નોના ઉત્તર આપવાના છે.

---

1. નીચેના વિષયોમાંથી ગમે તે <u>એક</u> વિષય પર નિબંધ લખો. **8**

**P. T. O.**

(a) કોરોનાકાળમાં આવેલી બેરોજગારી

(b) શાળામાં ઓનલાઈન શિક્ષણ ૨૦૨૦–૨૧

(c) પરિશ્રમ એ જ પારસમણિ

(d) કિસાનોનું આંદોલન

2. નીચેનામાંથી કોઈ પણ ચાર પ્રશ્નોના ઉત્તર આપો. 8

(a) દાંડીકૂચનું રાષ્ટ્રીય ચળવળના ઇતિહાસમાં શું મહત્વ છે?

(b) ટપુએ લખેલ અરજી અને ભટ્ટસાહેબે લખાવેલ અરજીમાં શો તફાવત હતો?

(c) વ્યક્તિત્વ એટલે શું? એનો વિકાસ ક્યારે થયો કહેવાય?

(d) જગતમાં પત્ની વિનાના સધુરની સ્થિતિ ઘણી વિચિત્ર હોય છે – આ વિધાન દ્વારા લેખક શું કહેવા માગે છે?

(e) રોબર્ટ બોઇલ શા માટે આધુનિક રસાયણના પિતા તરીકે ઓળખાય છે?

(f) અંધશ્રદ્ધાયુક્ત માનસ કેવું હોય?

3. નીચે દરેક વાકયની પૂર્તિ માટે ત્રણ વિકલ્પો આપ્યા છે, તેમાંનો યોગ્ય વિકલ્પ પસંદ કરી વાકયપૂર્તિ કરો. 4

(a) મહાજને અનાજ ધર્માદા આપવાનું નક્કી કર્યું, કારણ કે –

(i) એવું ન કરે તો અનાજના કોઠાર લૂંટાઈ જાય એમ હતા.

(ii) ખેડૂતવર્ગ જીવિત રહે એમાં પોતાનું પણ ભલું હતું એવી એને પ્રતીતિ થઈ.

(iii) સરકારે એ માટે દબાણ કર્યું હતું.

(b) લેખકે ગુલબ્બોની માને બોલાવી ત્યારે એ ગભરાઈ ગઈ, કારણ કે –

(i) તેને લાગ્યું કે લેખકનો કોઈ ખરાબ આશય હશે.

(ii) એ પરપુરુષ સાથે વાત કરવાને ટેવાયેલી નહોતી.

(iii) તેને લાગ્યું કે ગુલબ્બોથી કોઈ ભૂલ થઈ હશે.

(c) કાળુ ભીખને ભૂખથીયે ભૂંડી કહે છે, કારણ કે –

(i) ભીખનું ખાનાર રોગનો ભોગ બનવાનો સંભવ રહે છે.

(ii) ભીખ મનુષ્યના સ્વાભિમાનને નષ્ટ કરે છે.

(iii) ભૂખની હાલત કરતાં ભીખની હાલત વધારે ખરાબ હોય છે.

(d) ભારતીય સંસ્કૃતિનું એક અલગ તરી આવે એવું તત્ત્વ એ છે કે –

(i) જરૂર પડે તો આઝાદીનો ભોગ આપીને પણ દુનિયામાં શાંતિ જાળવવી.

(ii) સૌને અન્ન, વસ્ત્ર અને રહેઠાણ મળે તો એનાથી સંતોષ માનવો.

(iii) વિશાળ હૃદયથી સૌને અપનાવવા.

4. અર્થને ધ્યાનમાં રાખી નકારવાચક પૂર્વગ લગાવી શબ્દ બનાવો. 4

(i) જાણીતું ન હોય તેવું – – – – –

(ii) ધાર્યું ન હોય તેવું – – – – –

(iii) લોભ વિનાનું – – – – –

(iv) પુત્ર નામને લજવે એવો દીકરો – – – – –

5. નીચેનામાંથી ગમે તે બે વિષે ટૂંકનોંધ લખો 6

(a) લોમાભિમુખ અધિકારી ભટ્ટસાહેબ

(b) સિગરામમાં ગાંધીજીને થયેલો અનુભવ

(c) માનવશરીર રાસાયણિક કારખાનું

6. સમજાવો : 8

(a) વૃક્ષોને બચાવીને જ માનવજાત બચી શકશે.

(b) રાષ્ટ્ર સોનારૂપા કે હથિયારો પર સમૃદ્ધ થઈ શકતું નથી પણ પોતાના નાગરિકોના વિચાર, આયોજન, સંકલ્પ અને નિર્માણ–શક્તિઓ પર જ સમૃદ્ધ થાય છે.

(c) પંચ તે વ્યક્તિ નથી, તે તો ગ્રામ–સમસ્તના ડહાપણના પ્રતિનિધિ છે.

(d) ભારતમાં સંપર્કભાષા તરીકે હિન્દીનું સ્થાન.

7. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. 2

(i) હલકી ધાતુને કિંમતી બનાવવાની ગુપ્ત રસાયણવિદ્યા – – – – –

(ii) તાલુકામાં વસૂલાત સંબંધી કામ કરનાર અમલદાર – – – – –

(iii) એક ભાષામાં કહેલી વાત બીજી ભાષામાં ફરી કહેવી તે – – – – –

(iv) પગે ચાલીને કરવામાં આવતો પ્રવાસ – – – – –

8. (a) નીચેના વાકયોમાં રેખાંકિત કરેલાં ક્રિયાપદનું સાધિત રૂપ ખાલી જગ્યામાં લખો. 6

(i) વિદ્યાર્થીઓ શીખે છે જ્યારે શિક્ષક તેઓને ------

(ii) બહેન સવારે વહેલી ઊઠી પછી તેણે ભાઈને ---------

(iii) બા જમે છે અને સાથેસાથે બાળકને પણ -------

(iv) ભાભી થોડીઘણી સાફસફાઈ કરશે પણ બાકીની સાફસફાઈ નોકર પાસે --------

(v) વિદ્યાર્થીઓ ત્યારે બરાબર ગાય છે જ્યારે સંગીત શિક્ષક રાગમાં ------

(vi) ભાઈ ગોવામાં એકલો ફરતો હતો પણ મિત્રો આવ્યા પછી તેઓને બધે સ્થળે ------------

(b) નીચે અ વિભાગમાં રૂઢિપ્રયોગો આપ્યા છે ને બ વિભાગમાં અર્થ આપ્યા છે. સાચાં જોડકાં બનાવો. 4

| અ | બ |
|---|---|
| (1) વહાર કરવી | (1) યુક્તિ હોવી |
| (2) ઊભી પૂંછડીએ નાસવું | (2) મદદ કરવી |
| (3) પેચ હોવો | (3) બધી રીતે બગડવું |
| (4) બાવાના બેય બગડવા | (4) બીકના માર્યા જીવ લઈને ભા |